RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 303* Date: 31.08.2020 Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### વડાપ્રધાને ૬૮મી વખત મન-કી-બાત દ્વારા દેશવાસીઓને સંબોધ્યા

# લોકલ રમકડાં માટે વોકલ થવાનો સમય આવી ગયો છેઃ મોદી

**આત્મનિર્ભર ભારત માટે સાથે મળીને રમકડા બનાવીએ, આપણા પર્વ ખેડૂતોના પરિશ્રમના કારણે રંગબેરંગી બની જાય છે**



*ન્યુ દિલ્હી,તા.૩૦*

મન કી બાત'ની ૬૮મી આવૃત્તિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોષણની જરૂરિયાત પર વિગતવાર વાત કરી હતી. તેમણે કહ્યું કે સપ્ટેમ્બરને દેશભરમાં 'ન્યૂટ્રિશન મહિનો' તરીકે ઉજવવામાં આવશે. તેમણે દેશવાસીઓને સ્વદેશી એપ્લિકેશન્સ વિશે વાત કરવતા અપીલ કરી કે તેઓ પણ "આગળ આવે, કંઈક ઈનોવેટિવ આઈડિયા સાથે કંઈક નવું લાવે અને અમલમાં મૂકે." તમારા પ્રયત્નો, આજના નાના સ્ટાર્ટ અપ્સ, આવતીકાલે મોટી કંપનીઓમાં ફેરવાશે અને વિશ્વમાં ભારતની ઓળખ બનશે. ' તેમણે દેશી રમકડાં માટે 'વોકલ' રહેવાની અપીલ પણ કરી.

વડા પ્રધાન મોદીએ ગાંધીનગરની ચિલ્ડ્રન યુનિવર્સિટીના અનુભવો શેર કર્યા. તેમણે સમજાવ્યું હતું કે ×અમે ભારતના બાળકોને નવા રમકડા કેવી રીતે મળે તેના પર મંથન કર્યું. ભારત રમકડાની બનાવટનું એક મોટું કેન્દ્ર કેવી રીતે બને તે અંગે ગહન ચર્ચા-વિચારણા પણ કરી.× વડા પ્રધાને કહ્યું કે 'તમે વિચારો કે જે દેશ પાસે પોતાનો વારસો, પરંપરા, વિવિધતા, યુવા વસ્તીવાળો દેશ હોય ત્યારે શું દુનિયાની રમકડાં બજારમાં તેનો ભાગ આટલો ઓછો હોય તે ચાલે ? શું તમને આ સાંભળવું ગમશે? ના, આ સાંભળ્યા પછી તમને તે પણ ગમશે નહીં. ' તેમણે કહ્યું, ×હવે દરેક વ્યક્તિએ સ્થાનિક રમકડાં માટે વોકલ બનવાનો સમય આવી ગયો છે. ચાલો આપણે આપણા બાળકો માટે કેટલાક નવા પ્રકારનાં સારા રમકડાં બનાવીએ.×

પીએમ મોદીએ 'મન કી બાત'માં એપ ઈનોવેશન ચેલેન્જ વિશે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે 'ઘણી તપાસ બાદ લગભગ બે ડઝન એપ્સને વિવિધ કેટેગરીમાં એવોર્ડ પણ અપાયા છે. એક એપ્લિકેશન છે, કુટુકી કિડ્સ લર્નિંગ એપ. નાના બાળકો માટે આ એક ઈન્ટરેક્ટિવ એપ છે, જેમાં બાળકો વાર્તાઓ અને ગીતો દ્વારા ગણિત અને વિજ્ઞાન વિષયનું ઘણું શીખી શકે છે. તેમાં એક્ટિવિટી પણ છે અને રમતગમત પણ છે.

માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ માટે પણ એક એપ્લિકેશન છે. તેનું નામ કૂ છે. જેમાં આપણે ટેક્સ્ટ, વિડિઓ અને ઓડિઓ દ્વારા આપણી મૂળ ભાષામાં વાતચીત કરી શકીએ છીએ. એકબીજા સાથે ઈન્ટરેક્ટ કરી શકીએ છીએ. છજા સરકાર નામથી એક એપ્લિકેશન છે. જેમાં ચેટ બોટ્સ દ્વારા તમે ક્રિયાપ્રતિક્રિયા કરી શકો છો અને કોઈપણ સરકારી યોજના વિશે યોગ્ય માહિતી મેળવી શકો છો. તે પણ ટેક્સ્ટ, વિડિઓ અને ઓડિયો એમ ત્રણેય રીતોમાં. તે તમને ખૂબ મદદ કરી શકે છે.

એક બીજી એપ્લિકેશન છે. Step Set Go આ એક ફિટનેસ એપ્લિકેશન છે. આ એપ્લિકેશનમાં તમે કેટલું ચાલ્યા અને કેટલી કેલરીઝ બળી છે તેનો હિસાબ આ એપ રાખે છે. અને ફિટ રહેવા માટે પણ પ્રેરિત કરે છે.

'મન કી બાત'ની આ આવૃત્તિમાં પીએમ મોદીએ સુરક્ષા દળોના બે બહાદુર પાત્રોનો પણ ઉલ્લેખ કર્યો છે. જે છે સોફી અને વિડા. બંને ભારતીય સૈન્યના શ્વાન છે. આ સિક્યુરિટી ડોગ્સને 'ચીફ ઓફ આર્મી સ્ટાફ કમેંડેશન કાર્ડ્સ'થી સમ્માનિત કરાયા છે. પીએમ મોદીએ કહ્યું, ×મને કહેવામાં આવ્યું કે ભારતીય પ્રજાતિના કૂતરાઓ પણ ખૂબ સારા હોય છે, ખૂબ સક્ષમ છે. ભારતીય પ્રજાતિઓમાં મુધોલ હાઉન્ડ અને હિમાચાલી હાઉન્ડ છે તેઓ ખૂબ સારી પ્રજાતિના છે. તેમજ રાજાપલાયમ, કન્ની, ચિપ્પીપરાઈ અને કોમ્બાઈ પણ ખૂબ જ શાનદાર ભારતીય પ્રજાતિઓ છે. × તેમણે લોકોને અપીલ કરી, ×આગલા વખતે, જ્યારે પણ તમે કૂતરો ઉછેરવાનું વિચારો, ત્યારે તમારે આ ભારતીય જાતિના કૂતરામાંથી એક ઘરે લાવવો જ જોઈએ.×

ન્યૂટ્રિશન મંથ વિશે વાત કરતા પીએમ મોદીએ કહ્યું કે, ×રાષ્ટ્ર અને પોષણનો ખૂબ ઊંડો સંબંધ હોય છે. આપણી પાસે એક કહેવત છે - × યથા અન્નમ તથા મન્નમ× એટલે કે જેવું આપણું અન્ન હોય છે તેવો આપણો માનસિક અને બૌદ્ધિક વિકાસ પણ થાય છે. × તેમણે માહિતી આપી કે ન્યુટ્રિશન મંથ દરમિયાન MyGov portal પર એક ફૂડ એન્ડ ન્યૂટ્રિશન ક્વિઝ પણ આયોજીત કરવામાં આવશે અને સાથે એક મીમ કોમ્પિટિશન પણ યોજાશે. પીએમ મોદીએ કહ્યું કે 'ભારત કૃષિ કોષ' તૈયાર થઈ રહ્યો છે જેમાં દરેક જિલ્લામાં કયા પાક થાય છે. તેમાં કેટલું પોષણ મૂલ્ય છે તેની સંપૂર્ણ માહિતી મળશે.

વડા પ્રધાનને 'મન કી બાત'ની શરૂઆતમાં ×સામાન્ય રીતે આ સમય ઉજવણીનો હોય છે, જુદા જુદા સ્થળોએ મેળાઓ યોજવામાં આવે છે, ધાર્મિક પ્રાર્થનાઓ કરવામાં આવે છે. કોરોનાના આ સંકટમાં લોકોમાં ઉત્તેજના અને ઉત્સાહ જોવા મળે છે. પરંતુ, આપણા બધાના મનને સ્પર્શ કરે તેવી શિસ્ત પણ છે. એક રીતે જોવમાં આવે તો નાગરિકોમાં જવાબદારીની ભાવના છે લોકો પોતાની સંભાળ લેવા સાથે બીજાની પણ સંભાળ લેતા થયા છે અને રોજિંદા કામકાજ કરે છે. તેમણે કહ્યું કે 'ગણેશોત્સવ પણ ઓનલાઈન ઉજવવામાં આવી રહ્યો છે, તો ઘણાબધા સ્થળોએ ઈકો-ફ્રેન્ડલી ગણેશની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે.

### દેશમાં સંક્રમિતોનો કુલ આંક ૩૫ લાખને પાર, મૃત્યુઆંક ૬૩,૪૯૮એ પહોંચ્યો

# રેકોર્ડબ્રેકઃ ૨૪ કલાકમાં ૭૯ હજાર પોઝિટિવ કેસ, ૯૪૮ના મોત



**દેશમાં અત્યાર સુધી સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૨૭,૧૩,૯૩૪, કુલ એક્ટિવ કેસ ૭,૬૫,૩૦૨**

*ન્યુ દિલ્હી,તા.૩૦*

ભારતમાં કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના સૌથી વધુ ૭૮,૭૬૧ નવા કેસ સામે આવ્યા છે. ત્યાંજ દેશમાં કોરોનાનો મૃત્યુઆંક ૬૩,૪૯૮ સુધી પહોંચી ગયો છે. દેશમાં કોરોનાના ૭૭,૨૬૬ નવા કેસ નોંધાયા હતા. જ્યારે શનિવારે ૭૬,૪૭૨ કેસ નોંધાયા હતા. જો કે ભારતમાં રિકવરી રેટ અને પોઝિટિવિટી રેટ સારો છે અને મૃત્યુંદર ઓછો છે.

છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાને કારણે ૯૪૮ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. અત્યાર સુધી ૨૭,૧૩,૯૩૩ દર્દી સાજા થઈ ગયા છે અને ૬૩,૪૯૮ લોકોના મોત થઈ ગયા છે. ૨૯ ઓગસ્ટના રોજ ૧૦,૫૫,૦૨૭ કોરોના સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

દેશમાં છેલ્લા ૭ દિવસમાં ૪,૯૬,૦૭૦ કેસ નોંધાયા છે. આ રીતે છેલ્લા ૭ દિવસમાં સરેરાશ ૭૦,૮૬૭ કેસ નોંધાયા છે. સાત દિવસના સમયગાળા દરમિયાન વિશ્વમાં સૌથી વધુ આ સંખ્યા નોંધાઈ છે, જે જુલાઈના અંતમાં યુ.એસ.ના સૌથી ખરાબ સ્પાઈક્સ કરતાં વધારે છે. કોઈપણ એક રાજ્યની વાત કરીએ તો મહારાષ્ટ્રમાં શનિવારે સૌથી વધુ ૧૬,૮૬૭ કેસ છે. જે ૨૬ ઓગસ્ટના રોજ નોંધાયેલા રાજ્યના અગાઉના ૧૪,૮૮૮ કરતા વધારે છે.

ભારતમાં કોરોના ટેસ્ટિંગમાં ખુબ વધારો કરવામાં આવ્યો છે. WHOની સલાહ મુજબ અનેક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં દરરોજ ૧૦ લાખની વસ્તી પર ૧૪૦થી વધુ કોરોના ટેસ્ટ કરવામાં આવી રહ્યાં છે. એવા કેટલાય રાજ્યો છે જેમાં કોરોનાનો પોઝિટિવિટી રેટ તો રાષ્ટ્રીય સરેરાશ કરતા પણ ઓછો છે.

આંધ્રપ્રદેશ (૧૦,૫૪૮, સતત ચોથા દિવસે ૧૦ હજારથી વધુ), કર્ણાટક (૮,૩૨૪, છેલ્લા પાંચ દિવસમાં ૮ હજારથી વધુ), તમિલનાડુ (૬,૩૫૨) અને ઉત્તર પ્રદેશ (૫,૬૮૪) માં સૌથી વધુ કેસ નોંધાયા છે. તમિલનાડુમાં, ૨૯ જુલાઈ પછી પહેલીવાર, સકારાત્મક કેસો ૬,૦૦૦ને વટાવી ગયા. તાજેતરના સમયમાં, વધતા જતા કેસો સાથે, સક્રિય કેસના પૂલમાં તેજી જોવા મળી છે. છેલ્લા ચાર દિવસમાં લગભગ ૪૯,૦૦૦ સક્રિય કેસ નોંધાયા છે, જે કુલ ૭,૬૬,૨૨૬ છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યાં મુજબ દેશમાં અત્યાર સુધીમાં ૪,૧૪,૬૧,૬૩૬ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. ગઈ કાલે એક જ દિવસમાં ૧૦,૫૫,૦૨૭ નમૂનાનું પરીક્ષણ કરાયું હતું. જેમાંથી ૭૮ હજારથી વધુ કેસ કોરોના પોઝિટિવ આવ્યાં છે.

આ બધા વચ્ચે કેન્દ્ર સરકારે શનિવારે અનલોક ૪-૦ની ગાઈડલાઈન પણ જાહેર કરી દીધી છે. જે મુજબ અનલોક-૪માં મેટ્રો સેવા શરૂ કરવાની મંજૂરી આપી છે. ૭ સપ્ટેમ્બરથી સમાન્ય લોકો મેટ્રોમાં સવારી કરી શકશે. અનલોક-૪ને ૧ સપ્ટેમ્બરથી લાગુ કરવામાં આવશે. અનલોક-૪માં શૈક્ષણિક સંસ્થા બંધ રહશે.

# જમ્મુ કાશ્મીરમાં આતંકી હુમલોઃ ત્રણ આતંકી ઠાર, એક જવાન શહિદ



*શ્રીનગર,તા.૩૦*

જમ્મુ કાશ્મીરમાં સૈન્ય દ્વારા હાથ ધરાયેલા ઓપરેશનમાં હિઝબુલ મુજાહિદીનના ત્રણ આતંકીઓ ઠાર મરાયા હતા. આ દરમિયાન એક જવાન પણ શહીદ થઇ ગયો હતો. સૈન્યને આતંકીઓ છુપાયા હોવાની જાણકારી મળી હતી જેના આધારે આ સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. જે દરમિયાન આતંકીઓએ સૌથી પહેલા સૈન્ય પર ગોળીબાર કરી દીધો હતો. જોકે સૈન્યની જવાબી કાર્યવાહીમાં હિઝબુલના ત્રણેય આતંકીઓ ઠાર મરાયા હતા. માર્યા ગયેલા આતંકીઓના નામ આદિલ હાફિઝ, અર્શીદ અહેમદ ડાર, રૌફ અહેમદ મિર છે. આ ત્રણેય આતંકીઓ પુલવામાના રહેવાસીઓ છે અને હિઝબુલ મુજાહિદ્દીન સંગઠન સાથે સંકળાયેલા હતા. આ એક્રાઉન્ટરમાં એક સૈન્ય જવાન પણ શહીદ થયો છે. માર્યા ગયેલા આતંકીઓ અંગેની જાણકારી મેળવવામાં આવી હતી, સૈન્યના જણાવ્યા અનુસાર આ આતંકીઓ ઘણા સમયથી આતંકી હુમલામાં સામેલ હતા. જેમાં સુરક્ષા જવાનો અને સૈન્ય કેમ્પ પર થયેલા હુમલાનો પણ સમાવેશ થાય છે. માર્યા ગયેલા આતંકીઓ પૈકી એક હાફિઝ અહીંની એક નાકા પાર્ટી પર હુમલામાં સામેલ હતો જેમાં એક પોલીસ જવાન શહીદ થયો હતો અને એક ઘવાયો હતો. સૈન્ય દ્વારા હાલ બારામુલ્લા, પુલવામા જેવા સંવેદનશીલ વિસ્તારોમાં મોટા પ્રમાણમાં તપાસ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ સ્થિતિ વચ્ચે સૈન્યને મળેલી જાણકારીના આધારે અહીંના અવંતીપોરા વિસ્તારમાં જૈશ-એ-મોહમ્મદના આતંકીઓના એક સૃથળની જાણકારી મળી હતી, આતંકીઓ આ સૃથળેથી ભાગી ગયા હતા.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૧૨૭૨**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૯૫૧૫૫**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૭**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૦૯૫**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૭૬૮૫૭**

### પત્રને ખોટી રીતે જોવામાં આવી રહ્યો છેઃ જિતિન પ્રસાદ

# અવાજ ઉઠાવનારા નેતાઓને ગદ્દાર કહેવા તે ખોટુંઃ કપિલ સિબ્બલ

*ન્યુ દિલ્હી,તા.૩૦*

કોંગ્રેસના વરીષ્ઠ નેતા ગુલામ નબી આઝાદ બાદ વધુ એક નેતા કપીલ સિબ્બલે પણ પક્ષના કેટલાક નેતાઓ પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હતી. થોડા દિવસ પહેલા કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીને ૨૩ જેટલા નેતાઓએ પત્ર લખ્યો હતો અને પક્ષની સ્થિતિ અંગે ખેદ વ્યક્ત કર્યો હતો.

આ મુદ્દે બાદમાં કેટલાક નેતાઓએ પત્ર લખનારા નેતાઓની ટીકા કરી હતી. જેથી કપિલ સિબ્બલે કહ્યું હતું કે ખરેખર દુઃખદ છે કે અવાજ ઉઠાવનારા નેતાઓને ગદ્દાર અને જયચંદ કહેવામાં આવ્યા.

સિબ્બલે કહ્યું કે આ પત્રમાં જે પણ નેતાઓએ પોતાની વાત રજુ કરી તેઓ કોઈ પણ રીતે રક્ષાત્મક મુદ્દામાં નહોતા અને તેમણે પુરી શિદ્દત સાથે પોતાની વાત રજુ કરી હતી. સાથે જ તેમણે એમ પણ કહ્યું કે આ નેતાઓએ કેટલાક મહત્વપૂર્ણ મુદ્દાઓને ઉઠાવવા માટે આ પત્ર લખ્યો હતો.

પક્ષ હાલ ઐતિહાસિક રીતે નીચલા સ્તરે પહોંચી ગયો છે. આ પત્રને લઈને પૂર્વ કેન્દ્રીય પ્રધાન જિતિન પ્રસાદનું પણ સામે આવ્યું હતું. જિતિન પ્રસાદે કહ્યું હતું કે આ પત્રને ૨૩ નેતાઓએ મોકલ્યો હતો પણ તેને જે રીતે ખોટી દ્રષ્ટીથી જોવામાં આવી રહ્યો છે તે યોગ્ય નથી.

અમને સોનિયા ગાંધીની નેતાગીરી પર કોઈ જ શંકા નથી અને પુરો વિશ્વાસ છે. ટોચના નેતાઓ દ્વારા જે આરોપો લગાવવામાં આવી રહ્યા છે તે ખોટા છે. આ પહેલા ઉત્તર પ્રદેશના નેતાઓએ જિતિન પ્રસાદની સામે કાર્યવાહીની માગણી કરી હતી. ઉત્તર પ્રદેશના નેતાઓએ આરોપ લગાવ્યો હતો કે જિતિન પ્રસાદે આ પત્ર લખીને સોનિયા ગાંધી વિરૂદ્ધ શંકાઓ ઉભી કરી છે.



કોરોનાના સંકટ વચ્ચે મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ સેવા બંધ છે, પણ લોકોનો આગળ વધવાનો જુસ્સો હજુ ખતમ થયો નથી. સીએસએમટી રેલવે સ્ટેશન અને તેની આગળથી સાઈકલમાં પસાર થઈ રહેલ વ્યક્તિ તેનો પુરાવો છે. જીવનની વાસ્તવિકતાનું પ્રતિબિંબ આ તસવીરમાં છતું થાય છે.

# ધનસુરામાં ઉર્જા મંત્રી સૌરભ પટેલની આંખો સમક્ષ યુવક શરીર પર પેટ્રોલ છાંટે તે પહેલા પોલીસની સમયસૂચકતાથી આત્મવિલોપનની ઘટના અટકી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

સમગ્ર રાજયવ્યાપી આરંભાયેલા મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અંતર્ગત અરવલ્લી જિલ્લામાં ખેડૂત જાગૃતત્તા અને માર્ગદર્શક કાર્યક્રમ ઉર્જામંત્રી શ્રી સૌરભાઇ પટેલની અધ્યક્ષતામાં ધનસુરા માર્કેટયાર્ડ ખાતે યોજાયો હતો.કાર્યકર્મ પહેલા ઉર્જા મંત્રી ધનસુરાની જે.એસ.મહેતા હાઈસ્કૂલની મુલાકાત લીધી હતી ત્યારે આજ સ્કૂલે કરેલ ગેરકાયદેસર બાંધકામની રજુઆત કરવા ધનસુરાની રામનગર સોસાયટીમાં રહેતો ધવલ પટેલ નામનો યુવક પહોંચ્યો હતો અને ઉર્જા મંત્રી સૌરભ પટેલ અને કલેકટરની ઉપસ્થિતિમાં સ્કૂલે કરેલ બાંધકામની રજુઆત કરતા કલેક્ટર અને ઉપસ્થિત તંત્રના અધિકારીઓએ સમગ્ર ઘટનાથી અજાણ હોવાનું જણાવતા યુવકને લાગી આવતા યુવકે બેગમાં રાખેલ પેટ્રોલ શરીર પર છાંટી આત્મવિલોપન કરવાનો પ્રયત્ન કરતા ઘટનાસ્થળે ઉપસ્થિત પોલીસે સમયસૂચકતા વાપરી યુવકને અટકાવ્યો હતો યુવકની અટકયાત કરી પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો કાર્યક્રમ પૂર્ણ થતા યુવકને જામીન પર છોડી દીધો હતો

પ્રાપ્ત માહિતી અનુસાર,ધનસુરાની રામનગર સોસાયટીમાં રહેતો ધવલ કુમાર વિનોદ ભાઈ પટેલ નામનો યુવક ધનસુરામાં આવેલી ખુબ જ જાણીતી શ્રી જે.એસ મહેતા હાઈસ્કૂલ દ્વારા ખેતીલાયક જમીનમાં ગેરકાયદેસર બાંધકામ કરી દેતા આ અંગે તંત્રમાં વારંવાર લેખિત રજુઆત કરવા છતાં તંત્ર દ્વારા આંખ આડે કાન કરવામાં આવતા હોવાના આક્ષેપ સાથે ધનસુરા સરકારી કાર્યક્રમ પહેલા જે સ્કૂલના ગેરકાયદેસર બાંધ કામ અંગે તંત્રમાં વારંવાર રજુઆત કરવા છતાં તંત્રે આંખ આડે કાન કર્યા હતા તે શૈક્ષણિક સંસ્થાની મુલાકાતે ઉર્જા મંત્રી સૌરભ પટેલ પહોંચ્યા હતા આ અંગેની જાણ યુવકને થતા તાબડતોડ શૈક્ષણિક સંકુલમાં પહોંચી સૌરભ પટેલને રજુઆત કરતા આ સ્થળે ઉપસ્થિત કલેકટરે સમગ્ર મામલે અજાણ હોવાનું જણાવતા યુવકે તંત્રમાં કરેલ વખતો વખત લેખિત રજૂઆતની અરજી



બતાવવાની સાથે ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા ઉપવાસ પર ઉતર્યો હોવાની રજુઆત કર્યા બાદ યુવક એકાએક તેની સાથે રહેલ બેગમાંથી પેટ્રોલ કાંઢી શરીરે છાંટવા જતા હડકંપ મચ્યો હતો સ્થળ પર હાજર પોલીસે યુવક આત્મવિલોપન કરે તે પહેલા સમયસૂચકતા વાપરી યુવકને અટકાવ્યો હતો યુવકની અટકયાત કરી પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો કાર્યક્રમ પૂર્ણ થતા યુવકને જામીન પર છોડી દીધો હોવાની માહિતી પોલીસસુત્રો પાસેથી પ્રાપ્ત થઇ હતી

### સિદ્ધાર્થ પિઠાણીનો નવો ખુલાસો

# દિશાના મોત બાદ હાર્ડ ડિસ્કમાંથી ડેટા ડિલીટ કરવા કહ્યું હતું

મુંબઈ,તા.૩૦

સુશાંત સિંહ રાજપૂતના નિધનને બે મહિનાથી વધારે સમય વીતી ચુક્યો છે. આ મામલે તપાસ હવે સીબીઆઇ કરી રહી છે. અત્યાર સુધી આ મામલામાં સીબીઆઈએ ઘણા લકોને પૂછપરછ કરી ચુકી છે. જેમાથી એક સુશાંતના ફ્લેટમેટ સિદ્ધાર્થ પિઠાણી પણ છે. સિદ્ધાર્થે સીબીઆઈથી કરવામાં આવેલી પૂછપરછમાં અનેક ખુલાસા કર્યા છે. જેમાથી સૌથી મોટો ખુલાસો હાર્ડ ડિસ્કથી ડેટા ડિલીટ કરવાનો છે. સીબીઆઈએ પૂછપરછની શરૂઆત સિદ્ધાર્થી પિઠાણી, સૈમુઅલ મિરાંડા અને બે હાઉસ હેલ્પરથી કરી. જેમા સીબીઆઈની સામે ઘણા ખુલાસા થયા.

સિદ્ધાર્થ પિઠાણીએ સીબીઆઈને સુશાંત અને રિયાના સંબંધ અને નોકરી છોડવાથી લઈને દિશા સાલિયાનની મોતથી જોડાયેલા તમામ સવાલોના જવાબ આપ્યા છે. સાથે જે તેણે જણાવ્યું કે દિશા સાલિયાનના નિધન બાદ સુશાંત સિંગ રાજપૂતે તેની હાર્ડ ડિસ્કથી ડેટા ડિલીટ કરાવ્યો હતો. એક મીડિયા રિપોર્ટ અનુસાર સિદ્ધાર્થ પિઠાનીએ રિયા, સુશાંત અને તેની સાથેના સંબંધ, નોકરી છોડી ઘરે પરત ફરવા સિવાય દિશા સાલિયાનની મોતથી જોડાયેલા ઘણા મામલા પર ચુપ્પી તોડી છે. દિશા સાલિયાનની મોતના સંબંધમાં પિઠાણી કઠિત રીતે એજન્સીઓને જણાવ્યું કે સુશાંત આ વાતથી પરેશાન હતો. તેના નિવેદનમાં પિઠાણીએ દાવો કર્યો છે કે દિશાની મોત બાદ સુશાંતે તેના રૂમમાં સોને અને દિશાના મોતથી અંગે અપડેટ આપવા માટે કહ્યું હતું. સિદ્ધાર્થે આગળ દાવો કર્યો કે સુશાંત દિશાની મોત બાદ કોર્નરસ્ટોન મેનેજર ઉદયથી વાત કરી રહ્યા હતા. કારણકે શ્રુતિ મોદીને પગમાં ઈજા થઈ હતી અને તે દરમિયાન દિશા તેનું કામ સાચવી રહી હતી. રિપોટ્‌ર્સ મુજબ, પિઠાણીએ તેના નિવેદનમાં કહ્યું કે ૧૦ જૂને, સુશાંતે તેની હાર્ડ ડિસ્કથી તેના દરેક વીડિયો અને ડેટા ડિલીટ કરવા માટે કહ્યું હતું, તે સિવાય પિઠાણીએ દાવો કર્યો છે કે સુશાંતના કહેવા પર જ તેણે ગીત અને વીડિયો ડીલિટ કર્યા હતા.

# રિયા ચક્રવર્તીએ લગાવેલા આરોપથી ભડકી સંજના સાંઘી આપ્યો જવાબ

મુંબઈ,તા.૩૦

સુશાંતસિંહ રાજપૂત કેસમાં રોજ નવા નવા વળાંક આવી રહ્યા છે. રિયા ચક્રવર્તી પોતાની જ જાળમાં ફસાઇ રહી છે. અભિનેત્રી રિયા ચક્રવર્તીએ ગુરુવારે એક ઈન્ટરવ્યુ આપ્યુ હતુ અને પોતાની મનની વાત કહી હતી. તેમણે અલગ ઈન્ટરવ્યુમાં તેમની ઉપર લાગેલા આરોપોની સ્પષ્ટતા કરી. રિયાએ જણાવ્યું હતું કે મી ટૂની આક્ષેપોથી સુશાંતને ભારે દુ:ખ થયું હતું. રિયાએ સંજના સાંઘી પર નિશાન તાક્યુ હતુ. સંજના સાંઘીએ સુશાંતની છેલ્લી ફિલ્મ દિલ બેચારામાં સાથે કામ કર્યુ હતુ.

૨૦૧૮માં ફિલ્મના શુટીંગ દરમિયાન સુશાંતની સહ-કલાકાર સંજના સાંઘી સાથે દુર્વ્યવહાર કરવાના ગંભીર આરોપ લાગ્યા હતા. આ આરોપ લાગ્યા બાદ સુશાંતના માનસિક સ્વાસ્થ્યને અસર થઈ અને તે દબાણમાં આવવા લાગ્યો હતો. રિયાએ તેના ઈન્ટરવ્યુમાં આરોપ લગાવ્યો હતો કે સંજનાના આરોપ બાદ સુશાંત ખુબ મુશ્કેલીમાં મુકાયો હતો. સંજનાએ ઘટનાના દોઢ બે મહિના પછી જાહેર કર્યુ હતુ કે સુશાંત પર ઈમી ટૂ અંતર્ગત લગાવેલા તમામ આરોપ ખોટા છે. હવે સંજના સાંઘીએ રિયાના આરોપો અંગે મૌન તોડ્યું છે. સંજના સાંઘીએ રિયાના આરોપ પર કહ્યુ કે આ મુદ્દે તે પહેલા જ ખુલાસો આપી ચૂકી છે અને હવે રિયાના તાજેતરના ઈન્ટરવ્યૂ પર તેની પાસે કંઈ કહેવાનું નથી રિયાના નિવેદન પર સંજનાએ કહ્યું કે, 'સાચું કહું તો એક સ્ત્રી તરીકે મેં ઘણું કહ્યું છે. ખરેખર હું હવે આ મુદ્દા વિશે વાત કરવા માંગતી નથી.

# ભાદરવાના તાપ અને તાવથી બચવા ત્રણ-ચાર ઘરગથ્થુ પ્રયોગો

(૧) ભાદરવાના ત્રીસે દિવસ રોજ રાત્રે સુતા પહેલા સુદર્શન/મહાસુદર્શન ઘનવટી - ૨-૩ ટીકડી ચાવીને નવસેકા ગરમ પાણી સાથે લેવી.

(૨) અનુકૂળતા હોય તો ભાદરવાના ત્રીસે દિવસ દુધ -ચોખા-સાકરની ખીર અથવા દુધ-પૌવા ખાવુ. ગળ્યુ દુધ એ વકરેલા પિત્તનુ જાની દુશ્મન છે. આ હેતુથી જ શ્રાદ્ધપક્ષમાં ખીર બનાવવાનુ આયોજન થયુ હતુ.

(૩) જેની છાલ પર કથ્થાઈ/કાળા ડાઘ હોય એવા પાકેલ કેળાને છુંદીને એમા સાકર ઉમેરી બપોરે જમવા સાથે ખાવા. જો ઈચ્છા હોય તો ઘી પણ ઉમેરવુ. પણ કેળા સાથે ઘી પાચનમા ભારે થાય. એટલે જો ઘી ઉમેરો, તો પછી બેએલચી વાટીને ઉમેરી દેવી.

(જો ખીર અને કેળા - બન્નેનો પ્રયોગ કરવો હોય તો કેળા બપોરે અને ખીર સાંજે એમ ગોઠવવુ)

(૪) ભલેચુકે ખાટી છાશ ન જ પીવી. ખુબ વલોવેલી, સાવ મોળી છાશ લેવી હોય તો ક્યારેક લેવાય.

(૫) ઠંડા પહોરે (વહેલી સવારે કે સાંજે) પરસેવો વળે એટલુ ચાલવુ.

(ઠંડી અને ચાંદની રાતમાં રાસગરબા ના આયોજન પાછળનુ રહસ્ય આ જ હતુ - પરસેવો પડે)

આચાર્યોએ શરદને રોગોની માતા કહી છે - रोगाणाम् शारदी माता.અને

' યમની દાઢ ' પણ કહી. આપણામાં એક આશિર્વાદ પ્રચલીત હતો.

शतम् जीव शरद: એટલે કે આવી સો શરદ સુખરુપ જીવી જાઓ એવી શુભેચ્છા આપવામા આવતી. અસ્તુ.

ગણેશચતુર્થીના પવિત્ર દિને વિઘ્નેશ્વર ગજાનન ગણેશ મહારાજને વંદન સહ પાર્થના.. કે, આપણું અને આપના પરિવારના સભ્યોના જીવનમાંથી સર્વે વિઘ્નની શાંતિ થાય

આ લેખ બધાને કામ લાગે તેવો છે માટે સૌને ખાસ **SAHRE** કરજો હો

सर्वे भवन्तु सुखिन: - सर्वे सन्तु निरामया: આ માહિતી આપણા દરેક ગુજરાતી પરિવાર સુધી પહોંચાડી સમાજને બીમારીથી બચાવવામાં તમે તમારી ફરજ નિભાવો.. એ જ પ્રાર્થના...

# સડક-૨ સૌથી ખરાબ સ્કૉર વાળી ફિલ્મ બની

મુંબઈ,તા.૩૦

સુશાંત સિંહ રાજપૂતના મોત બાદ બૉલીવુડમાં નેપૉટિઝ્મ અને ઇનસાઇડર-આઉટસાઇડર પર ઉઠેલી ચર્ચાના કારણે સડક-૨ને મોટુ નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. છેલ્લો એક મહિનો સડક-૨ માટે એકદમ ખરાબ રહ્યો. ટ્રૅલરથી લઇને ફિલ્મ રિલીઝ અને બાદમાં રેટિંગ સુધી આ ફિલ્મ પુરેપુરુ ધોવાઇ ગઇ છે. ૨૮ ઓગસ્ટે ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થયેલી સડક-૨ને પૉપ્યુલર રેટિંગ પ્લેટફોર્મ આઇએમડીબી પર સૌથી ખરાબ સ્કૉરવાળી ફિલ્મ તરીકે નોંધાઇ છે. સડક-૨ સૌથી ખરાબ સ્કૉર વાળી ફિલ્મ બની ગઇ છે.

મહેશ ભટ્ટના નિર્દેશમાં બનેલી સડક-૨નુ ટ્રેલર યુટ્યૂબ પર સૌથી વધુ ડિસ્લાઇક કરવામાં આવેલુ, સૌથી વધુ ડિસ્લાઇક થનારુ ટ્રેલર બની ગયુ હતુ. જેને લાખો લોકોએ ડિસ્લાઇક કર્યુ હતુ. હવે ફિલ્મની રિલીઝ બાદ પણ આના સ્ટાર સારા નથી મળી રહ્યાં.

ફિલ્મ રિવ્યૂની સૌથી મોટુ પૉપ્યુલર વેબસાઇટમાંની એક આઇએમડીબી પર દર્શકોએ સડક-૨ને ખુબ નિંદા કરી, અને ખરાબ રેટિંગ આપ્યા. પરિણામ એ આવ્યુ કે, ફિલ્મને ૧૦માં માત્ર ૧.૧નો સ્કૉર મળ્યો છે, અને આ પ્લેટફોર્મ પર સૌથી ઓછા રેટિંગ વાળી ફિલ્મ બની ગઇ છે.

# 'બેલબોટમ' માટે ૧૦ દિવસમાં ૮૦ના દાયકાનું વડાપ્રધાન કાર્યાલય રીક્રિએટ કરાયું

મુંબઈ,તા.૩૦

અક્ષયકુમાર આજકાલ સ્કોટલેન્ડમાં ગ્લાસગો શહેરમાં ફિલ્મ 'બેલબોટમ'નું શૂટિંગ કરી રહ્યો છે. અહીંયા સ્થાનિક તંત્રનો પણ ભરપૂર સપોર્ટ મળ્યો છે. ફિલ્મ સાથે જોડાયેલા સૂત્રોએ કહ્યું હતું કે હાલમાં ઈન્દિરા ગાંધીના સમયના ઘટનાક્રમનું શૂટિંગ ચાલી રહ્યું છે. ગ્લાસગોના મુખ્ય બજાર સ્થિત એક સરકારી ઓફિસના બેંક્વેટને ઈન્દિરા ગાંધીના સમયના વડાપ્રધાન કાર્યાલયમાં રીક્રિએટ કરવામાં આવ્યું છે. ભારતથી ગયેલી પ્રોડક્શન તથા ડિરેક્શન ટીમને હોલિવૂડ ફિલ્મ 'મેન ઈન બ્લેક' તથા 'સલી' જેવા ફિલ્મના સેટ ક્રિએટ કરેલા લોકોનો સાથ મળ્યો છે. પ્રોડક્શન સાથે જોડાયેલા લોકોએ કહ્યું હતું કે તમામ ક્રૂ મેમ્બર્સ કોરોના પ્રોટોકૉલનું પાલન કરી રહ્યા છે.

અહીંયા કોરોનાનો રિપોર્ટ ભારતની તુલનાએ ઝડપથી મળે છે. ફિલ્મની સ્ટાર-કાસ્ટ તથા અન્ય લોકો ૧૪ દિવસને બદલે ૧૦ જ દિવસ ક્વૉરન્ટીન રહ્યા હતાં. ઘણાં લોકો તો બેઝમેન્ટમાં સેટ સાથે જોડાયેલા કામ પણ કરતા હતા. ત્યારબાદ સ્થાનિક ટીમ પણ જોડાઈ હતી. આ ટીમ પાસે અત્યાધુનિક મશીનો છે. આ મશીનથી પીએમઓનો પૂરો સેટ માત્ર ૧૦ દિવસમાં તૈયાર કરવામાં આવ્યો હતો. સેટ તથા આખા શહેરમાં કોરોનાથી બચવા માટે પૂરતા ઉપાયો કરવામાં આવ્યા છે.

એક એક્ટરે કહ્યું હતું કે આખા શહેરમાં ૨૦-૨૦ મીટરના અંતરે સેનિટાઈઝર શૉવર લગાવવામાં આવ્યા છે. માર્કેટમાં લોકો કોઈ પણ જાતના ડર વગર ફરી રહ્યા છે. અહીંયા લોકો ચારરસ્તા, ગલીઓમાં સેનિટાઈઝર શૉવરવાળા મશીનમાંથી પસાર થાય છે અને ડિસઈન્ફેક્ટેડ થઈ જાય છે.

# કોહલીએ ટ્રેનિંગ શરૂ કરતા કહ્યું- એવું લાગ્યું કે ૬ દિવસ પહેલાં જ મેદાન પર ગયો હતો

ન્યુ દિલ્હી,તા.૩૦

ટીમ ઈન્ડિયાના કેપ્ટન અને આઈપીએલ ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના કેપ્ટન વિરાટ કોહલીએ યુએઈમાં લીગ માટેની ટ્રેનિંગ શરૂ કરી છે. તેઓ પાંચ મહિના પછી શુક્રવારે સાથી ખેલાડીઓ સાથે નેટ પર ઉતર્યા. તેમણે ખુદ ટ્વિટર પર ટ્રેનિંગની તસવીર શેર કરી હતી અને લખ્યું કે, મેં પાંચ મહિના પછી મેદાન પર પગ મૂક્યો હતો. જ્યારે હું નેટ્સ પર ગયો, ત્યારે મને લાગ્યું કે ૬ દિવસ પહેલા જ હું મેદાન પર આવ્યો હતો.

ટીમ સાથેનું પહેલું સેશન ખૂબ સારું રહ્યું. આ આરસીબીનું ફૂલ ટ્રેનિંગ સેશન હતું. આમાં વિરાટ નેટ્સ પર કેટલાક સારા શોટ્સ લગાવતો જોવા મળ્યો હતો. તે બોલને સારી રીતે ટાઈમ પણ કરી રહ્યો હતો. કોહલી માર્ચથી સ્પર્ધાત્મક ક્રિકેટથી દૂર છે. કેટલાક ક્રિકેટરોએ ભારતમાં આઉટડોર ટ્રેનિંગ શરૂ કરી હતી, ત્યારે મુંબઈમાં વધી રહેલા કોરોના કેસને કારણે ભારતીય કેપ્ટન ઘરે જ રહ્યા હતા. ટ્રેનિંગ સેશનમાં દક્ષિણ આફ્રિકાના ફાસ્ટ બોલર ડેલ સ્ટેન અને આરસીબીના ક્રિકેટ ઓપરેશન્સ ડાયરેક્ટર માઇક હેસન પણ સામેલ હતા. હેસન કોહલી અને સ્ટેન સાથે વાત કરતા જોવા મળ્યા હતા.

# આધુનિકતા v/s વાસ્તવિકતા

૫ મિનિટ કાઢી અવશ્ય વાંચજો

લેખિકાએ અકસ્માતમાં પોતાના પતિને ગુમાવ્યા બાદ લખ્યો છે:

મારા પતિના આકસ્મિક મૃત્યુ પછી મારી આપવીતીમાંથી જે થોડી વાતો હું શીખી તે તમારી સમક્ષ રજૂ કરું છું.

આપણે હંમેશાં માનીએ છીએ કે આપણે લાંબું જીવીશું..પણ જીવન ઘણી અનિશ્ચિતતાઓથી ભરેલું છે.

મારા પતિ એક **IT** પ્રોફેશનલ હતા અને હું એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છું.

મારા પતિ એક **IT** પ્રોફેશનલ અને ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરનારા હોવાથી તેમની તમામ માહિતી એમના લેપટોપમાં હતી...માસિક બિલથી લઈને બેંક સ્ટેટમેન્ટ્સ, તેમના તમામ રોકાણ, બેંક એકાઉન્ટના આઈ ડી-પાસવર્ડ..સહિતનું બધું જ તેમણે લેપટોપમાં એક ફોલ્ડરમાં રાખી હતી, જે એક પાસવર્ડ વડે સુરક્ષિત હતું અને તેમનું લેપટોપ પણ એક પાસવર્ડથી સુરક્ષિત હતું. બધા પાસવર્ડ્સ અતિશય અઘરા બનાવ્યા હતા, જે દર ૪૫ દિવસે તેઓ પાસવર્ડ બદલતા, તેમની હયાતીમાં તો મને એમના લેપટોપનું કામ હોય તો એક ફોન કરીને પાસવર્ડ જાણી લેતી..મારા માટે સરળ હતું. પણ હવે એમના ચાલ્યા ગયા બાદ કોને એમનો પાસવર્ડ પૂછું?

વ્યવસાયનાં દસ્તાવેજોની જે રીતે કાળજી લઈએ છીએ, એટલી કાળજી આપણાં અંગત જીવનના દસ્તાવેજોની નથી લેતા., અંગત દસ્તાવેજોના કિસ્સામાં હંમેશાં આળસને લીધે ઢીળાઢોળ થતી રહે છે..અરે! આવતીકાલ છે ને, પછી કરીશું!

મારા પતિ ઓફિસેથી ઘરે આવતા હતા અને એક બાઈક અકસ્માતે અમારી તમામ 'આવતીકાલ' છીનવી લીધી..મારા પતિ ફક્ત ૩૩ વર્ષના હતા. તેમના એ અકસ્માતમાં એમનાં લપટોપ અને મોબાઈલનું પણ કચ્ચરઘાણ વાળી નાખ્યું.

તેમનાં બચત ખાતાં, સેલરી એકાઉન્ટમાં કોઈ નોમિની નહોતું. તેમના જીવન વીમામાં મારાં સાસુ નોમિની હતાં અને તેઓ લગભગ ૨ વર્ષ પહેલાં ગુજરી ગયાં હતાં. પરંતુ, આ તો હજી ફક્ત શરૂઆત હતી. મને તેમના ઈ-મેઈલ એકાઉન્ટનો પાસવર્ડ ખબર ન હતો કે જ્યાં તમામ ઈ-બિલ આવતાં. મને એ પણ ખબર નહોતી કે તેઓ કયા બિલની ચૂકવણી જાતે કરતા અને કયા બિલની ચૂકવણી ઓટો-પે થી બેંક ખાતાંમાંથી સીધી જ થઈ જતી.

તેમની તાજેતરમાં બદલી થઈ હતી અને હું તેમના કોઈ સહકર્મચારીને પણ જાણતી નહોતી. મને એમને મળવાપાત્ર રકમ અંગે કોઈ જ ગતાગમ નહોતી..એમનાં કયાં બિલની હજુ ચૂકવણી બાકી હતી અને કયાં બિલ એમણે હજુ ચૂકવણી માટે ઓફિસમાં મૂક્યાં પણ નથી..વગેરે.

અમે હોમલોન પર જે ઘર ખરીદ્યું, તે અમારી બંનેની કુલ આવકને ધ્યાનમાં રાખીને અમને પરવડી શકે એવા **EMI** પર ખરીદ્યું હતું. અમે જ્યાંથી હોમલોન લીધી તેમણે લોન પર વીમો લેવાનું સૂચવ્યું હતું પણ અમને એ વીમો ખર્ચાળ લાગતાં અમે એ વીમો ન લીધો. અમે ક્યારેય વિચાર્યું નહીં કે, જો એક પગાર પર ઘર ચલાવવાની નોબત આવી, તો અમે શું કરીશું. તેથી, મારા માટે આ મોટી ઈૈં ની રકમ હવે એક માથાનો દુ:ખાવો બની રહી છે.

મને સમજાયું કે મારે એક લાંબું યુદ્ધ લડવાનું છે. મારા પતિનો રોડ અકસ્માતનો કેસ હતો. તેથી દરેક જગ્યાએ મારે ડેથ સર્ટિફિકેટ, **FIR** રિપોર્ટ, પોસ્ટમોર્ટમ રિપોર્ટની જરૂર પડતી હતી. દરેક વસ્તુ માટે જુદા જુદા દસ્તાવેજ જોઈતા હતા. ઈમ્ડેનિટી બોન્ડ્સ, નોટરી, નો ઓબ્જેકશન સર્ટીફીકેટ..વગેરે.

કારણ કે અમે સંયુક્ત રીતે ઘર ખરીદ્યું હતું એટલે એના પર મારી માલિકીનો દાવો પ્રમાણમાં સરળ હતો. પરંતુ ઘર સિવાય, અમારી જમીન, અમારી કાર, અમારી બાઈક, વગેરે મારી પણ મિલકત છે એ સાબિત કરવું સરળ નહોતું. ઉત્તરાધિકારનું પ્રમાણપત્ર મેળવવું એ એક અલગ યુદ્ધ છે.

મારી આખી જિંદગી હચમચી ગઈ હતી.

હવે મને સમજાયું કે મેં જીવનના મહત્વના મુદ્દાઓ પર જરૂરી ધ્યાન નહોતું આપ્યું. મેં વિચાર્યું કે એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હોવા છતાં જો હું આટલી મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહી છું, તો સામન્ય લોકો કે જેઓ કાનૂની/આર્થિક દસ્તાવેજોની આંટીઘૂંટી સમજી નથી શકતા, તેઓનું આવી પરિસ્થિતિમાં શું થતું હશે?

હવે મને વસિયતનામાનું મહત્વ સમજાય છે. થોડા મહિના પહેલાં જો કોઈએ મને વસિયતનામું બનાવવાનું કહ્યું હોત તો મેં વાત હળવાશથી લીધી હોત, પણ હવે જિંદગી બદલાઈ ગઈ છે.

તો, આપણા જતાં પહેલાં થોડીક દસ્તાવેજી બાબતો નું યોગ્ય આયોજન કર્યું હશે, તો કમસેકમ દુ:ખના સમયે એમનું હૈયું ચિંતામુક્ત તો હશે.

૧. તમારા તમામ નામાંકનને **Nomination** તપાસો...કોઈ નોમીના અવસાન બાદ પણ નામાંકન બદલવવાનું આપણને યાદ નથી આવતું. ઘણાં લોકોના સેલરી એકાઉન્ટમાં કોઈના નામે નામાંકન જ નથી હોતું. તેથી, મહેરબાની કરીને તમારા તમામ નામાંકનને તપાસો:

- બેંક ખાતાં
- ફિક્સ્ડ ડિપોઝીટ, **NSC**
- બેંક લોકર
- ડીમેટ એકાઉન્ટ
- વીમો (જીવન, મેડિકલ, બાઈક અથવા કાર અથવા અન્ય કોઈ સંપત્તિ પરનો વીમો)
- રોકાણો
- પીએફ, પેન્શન ફોર્મ, વગેરે.

૨. પાસવર્ડ્સ..

આપણી પાસે દરેક વસ્તુ માટે પાસવર્ડ્સ છે: ઈ-મેઈલ એકાઉન્ટ્સ, બેંક એકાઉન્ટ્સ, તમે જે લેપટોપ ઉપયોગ કરો છો તેના માટે પણ. જ્યારે તમારા પ્રિયજનો તમારી અનુપસ્થિતિમાં આ પાસવર્ડ્સ ન મેળવી શકે, તો કેવી સમસ્યા ઊભી થાય છે, તે તમે મારા અનુભવ પરથી શીખ્યા હશો. તેથી તમારા તમામ પાસવર્ડ્સ તમારી અનુપસ્થિતિમાં તમારા પ્રિયજનને મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવો.

૩. રોકાણો

દર વર્ષે ટેક્સ બચાવવાના હેતુથી અને/અથવા કોઈ અન્ય નાણાંકીય લક્ષ્ય માટે આપણે રોકાણો કરીએ છીએ. શું તમે તેના વિશે એક એક્સેલ શીટ જાળવી છે? શું એ એક્સેલ શીટ તમારી અનુપસ્થિતિમાં તમારા પ્રિયજન મેળવી શકશે? એ એક્સેલ શીટ પણ પાસવર્ડથી સુરક્ષિત હોય, તો ફરીથી પાસવર્ડ્સનું વસિયતનામું પોતાનું મહત્વ સાબિત કરે છે!

તમારા તમામ રોકાણ તમે જે આર્થિક સલાહકારની મદદથી કર્યાં છે, એમનાં સંપર્ક સૂત્રો તમારા પરિવારને ખબર હોવી જોઈએ. શ્રેષ્ઠ તો એ જ રહે કે, તમે જ્યારે પણ તમારા આર્થિક સલાહકાર મળો, ત્યારે તમારા જીવનસાથીને પણ સાથે રાખો, જેથી તેઓ પણ સંપૂર્ણ પ્રક્રિયાના એક ભાગ બને.

૪. વસિયતનામું બનાવો

જી હા, આજે જ વસિયતનામું બનાવો. તમે આ સલાહ હસવામાં લેશો. ઘણાં ઓછા દસ્તાવેજોથી મારું બધું કામ પાર પડત.

૫. દેવું

જ્યારે તમે લોન લો છો..પછી એ હોમલોન હોય કે કારલોન, બધી જ ×આમ થયું તો?/**what if"** સંભાવનાઓ તપાસો...જેમ કે, ×જો આવતીકાલે હું ન હોઉં તો?×; ×જો મારી નોકરી જતી રહે તો?× અથવા ×જો બેમાંથી એક જણની આવક બંધ થઈ જાય તો?×

જો આવું કંઈ પણ થાય તો..શું તમે **EMI** ચૂકવી શકશો? બીજું કંઈ નહિ તો લોનની રકમ પર વીમો લો, જેથી તમારી અનુપસ્થિતિમાં તમારા પરિવારને ઘર જેવી મૂળભૂત બાબતે ચિંતા કરવાની જરૂર ન રહે.

તમારા પ્રિયજનને તમારા ગયા પછી ઓછામાં ઓછી તકલીફ પડે.

યાદ રાખજો, કે આપણને કોઈને ખબર નથી કે ભવિષ્યમાં શું થશે. પણ એક સૂત્ર ગળે બાંધવા જેવું છે: જીવનની દરેક પરિસ્થિતિ માટે તૈયાર રહો.

જીવનને ક્યારેય **taken for granted** ન લો. તમારા પ્રિયજનોની કાળજી માટે જરૂરી દસ્તાવેજો (વસિયતનામું, નામાંકન, વગેરે) ની નિયમિત જાળવણી કરો.

આ લેખ દરેક વ્યક્તિએ વાંચવો અને અમલમાં મુકવો જ જોઈએ એવો મારો અભિપ્રાય છે.

### ચલો આજે દેશના બે ન્યાયાધીશે

# પ્રધાનમંત્રીની જાહેર ટીકા કરવાની હિમંત કરી તે સમાચાર જાણી દેશ જાગૃત થશે તેવી આશા જન્મી !

દિલ્હી હાઈકોર્ટના જજ શ્રી વિપીન સાંઘી,અને શ્રી રજનીશ ભટનાગરે દેશના પ્રધાનમંત્રીને જ સવાલ કર્યો કે તમારી રાજકિય નીતિ Make In Indiaની છે અને તમે આજકાલ આત્મનિર્ભર ભારતના ભાષણો કેમ ઠોકો છો ?

તમારા બોલ અને કામ જોતાં તમે સંપુર્ણ રીતે પાખંડી છો !

તમે હકિકતમાં દેશમાં ચાલતી નાની કંપનીઓને હટાવી દેશના કે વિદેશના મોટા ઉદ્યોગગૃહોને માટે રસ્તા કેમ બનાવો છો ?

બન્ને જજ અને દેશભરની પ્રજા સરકારની વેરવૃત્તિથી પરિચીત છે,આગામી સમયમાં સરકાર આ બન્ને જજ પર રોષ કાઢશે તોપણ હિમંત કરી સરકારના પાખંડ બહાર પાડનાર આ બન્ને ન્યાયાધીશને દિલથી ખુબ ખુબ ધન્યવાદ !

શ્રી સાંઘી અને ભટનાગરે જલાવેલી જાગૃતિની જયોતથી દેશના અન્ય બુધ્ધીજીવીઓના દિલમાં જયોત પ્રગટી ઉઠશે તો સંપુર્ણ દેશ જાગૃત થઈ જશે !

અંગ્રેજ સરકારના કાળા કાનુન વિરુધ્ધ ગાંધીની દાંડી-કુચે દેશને જગાડી દીધો હતો તેનું સ્મરણ કરાવે તેવી બીના આજે દેશમાં બની !

# મહિલાનો નરોડાના પીઆઈ પર ૧ કરોડમાં સેટલમેન્ટ કરી બિલ્ડર વિરુદ્ધ કાર્યવાહી ન કરવાનો આરોપ મૂક્યો

અમદાવાદ,તા.૩૦

પીએસઆઈ શ્વેતા જાડેજાએ તોડ કર્યો હતો. તેની જેમ જ નરોડાના PI જે કે રાઠોડે પણ રૂા. ૪૦ લાખનો તોડ કર્યો હોવાનો મુદ્દો સામે આવ્યો હતો જેમાં વધુ એક રૂા. ૧ કરોડનો તોડકાંડ સામે આવ્યો છે.

તોડબાજ પીઆઇ જે કે રાઠોડનો વધુ એક કાંડ સામે આવ્યો છે. હવે મહિલા પીડિતાએ PI જે કે રાઠોડ પર આરોપ લગાવ્યા છે. તેણે આરોપ લગાવ્યો છે કે, પતિ સામેની ફરિયાદમાં પીઆઇ રાઠોડ દ્વારા કોઈ કાર્યવાહી નથી કરવામાં આવી. તેણે પીડિતાના પતિ પાસે પૈસા લઇ તપાસ ન કરી હોવાનો પણ પરીણિતાનો આક્ષેપ છે. ૧ કરોડમાં સેટલમેન્ટ કરીને બિલ્ડર વિરુદ્ધ કાર્યવાહી ન કરવાનો આરોપ મૂકાયો છે.

જાણીતા બિલ્ડર પ્રણવ પટેલ સામે પત્નીએ ફરીયાદ નોંધાવી હતી. મહિલા ક્રાઇમ બ્રાંચમાં નોધાવી હતી. પ્રણવ પટેલ અને સાસરિયાઓ પરીણિતાનુ ૪ વખત ઓબોશન કરાવ્યુ હોવાનો આરોપ હતો જ્યારે પ્રણવ પટેલ પર જેઠાણી સાથે આડા સંબધ હોવાનો પણ પરીણિતા દ્વારા આક્ષેપ લગાવવામાં આવ્યો ગયો. પરણીતાએ આ મામલે PI જે કે રાઠોડ પર આક્ષેપ કર્યો છે કે, રાજકીય અને રૂપિયાના દમ પર PIએ કાર્યવાહી નથી કરી. ગર્ભપાત અંગેની ફરીયાદ ન નોધી હોવાનો પરિણાતા આક્ષેપ કર્યો છે. મહિલા દ્વારા આ મામલે અનેક વખતની રજૂઆત બાદ પણ તેને ન્યાય ન મળી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે. પ્રણવ પટેલ રાજકમલ બિલ્ડર તરીકે જાણીતુ નામ ધરાવે છે.

મહિલા પોલીસ સ્ટેશનના પીએસઆઇ શ્વેતા જાડેજાના ૩૫ લાખ રૂપિયાના તોડકાંડ બાદ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર જે.કે.રાઠોડનો ૪૦ લાખ રૂપિયાનો તોડકાંડ સામે આવતાં વધુ એક વખત પોલીસની છાપ ખરડાઇ છે. બળાત્કારના આરોપી એવા બિલ્ડર સુનીલ ભંડેરી પાસેથી ૪૦ લાખ રૂપિયા લીધા હોવાનો આરોપ થતાં એસીપીએ પીઆઇ વિરુદ્ધમાં તપાસ શરૂ કરી છે. જો કે બિલ્ડરની ધરપકડ થતાં આ સમગ્ર મામલો સામે આવ્યો હતો.

સુનીલની હરકતો ઘણા સમયથી ચાલુ જ હતી, આ દરમિયાન વર્ષ ૨૦૧૯માં ૧૧ ઓકટોબરના રોજ સુનીલ અને મહિલા ઘરે એકલાં હતાં. આ સમયે ઝઘડો થતાં મહિલાએ સ્યુસાઇડ નોટ લખી ફિનાઇલ પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. મહિલાએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં સુનીલ ભંડેરી વિરુદ્ધમાં બળાત્કારની ફરિયાદ કરી હતી. જેમાં પોલીસે ગઇ કાલે તેની ધરપકડ કરી હતી. ધરપકડ થતાં તેનો કોરોના રિપોર્ટ કરાવામાં આવ્યો હતો. જ્યાં તેને પોઝિટિવ આવતાં સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. સુનીલ ભંડેરીને હોસ્પિટલમાં લાવવામાં આવ્યા બાદ તે ભેદી રીતે પોલીસના સંકજામાંથી નાસી છુટ્યો છે.

ઝોન ૪ના ડીસીપી રાજેશ ગડિયાએ જણાવ્યું છે કે સુનીલ ભંડેરી હોસ્પિટલમાંથી નાસી ગયો છે. જેને પકડવા માટે તપાસ ચાલી રહી છે, ત્યારે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના પીઆઇ જે.કે.રાઠોડ વિરુદ્ધમાં પણ તપાસ જી ડિવિઝનના એસીપી એ.એમ.દેસાઇને સોંપાઇ છે. સેક્ટર ૨ના જેસીપી ગૌતમ પરમારે જણાવ્યું છે કે આરોપી સુનીલ ભંડેરીએ અરજી કરી હતી કે બળાત્કારના કેસમાં પીઆઇ જે.કે.રાઠોડે ૪૦ લાખ રૂપિયા લીધા છે. સુનીલ ભંડેરીની અરજી પર તપાસ શરૂ કરવામાં આવી છે.



માનનીય શ્રી દિલિપભાઇ ઠાકોર સાહેબ-મંત્રીશ્રી શ્રમ અને રોજગાર,ગુજરાત સરકાર અને આપણા બનાસકાંઠા ના લોકપ્રિય સાંસદ શ્રી પરબતભાઇ પટેલ સાહેબની સાતસણ. (બનાસકાંઠા) ગામે લોકભાગીદારીથી બનાવેલ મિની ડેમની મુલાકાત....

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના વિકાસ મંત્ર સૌનો સાથ,સૌનો વિકાસના મંત્રને સાર્થક કરતાં મારા ખેડૂત મિત્રો અને વિસ્તારના આગેવાનશ્રીઓ.



આજરોજ ગાંધીનગર ખાતે ન્યૂ વાવોલ વિસ્તારની ×શ્રીજી હોમ્સ સોસાયટી× ખાતે રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના સર-સંઘચાલક આદરણીય શ્રી મોહન ભાગ?વતજીના ×પ્રકૃતિ વંદન કાર્યક્રમ× તેમજ ગુજરાત રાજ્યના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ×મન કી બાત?×નો કાર્યક્રમને અને વૃક્ષા રોપણ માટે ×તુલસીજીના રોપા× વિતરણનો કાર્યક્રમ યોજ?વામાં આવ્યો, જે કાર્યક્રમમાં ગાંધીનગરના પ્રથમ નાગરીક એવા ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર શ્રીમતિ રીટાબેન પટેલ, પ્રદેશ ભાજપ યુવા મોરચાના મારા સાથી મારા મોટાભાઈ શ્રી ધવલભાઈ દ?વે અને ગાંધીનગર શહેર યુવ ભાજપના મંત્રી કૃતિકભાઈ ભટ્ટ સહિત શ્રીજી હોમ્સ સોસાયટીના પ્રમુખ શ્રી વિરલભાઈ પંચાલ અને ઉપપ્રમુખ શ્રી ગીરીશભાઈ આહીર સહીતના રહીશો સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરીને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

# સરદાર સરોવર ડેમની જળ સપાટી વધતા ભરૂચ સહીતના ૫૨ ગામોને એલર્ટ કરાયા

ભરૂચ,તા.૩૦

ઉપરવાસમાં વરસાદને કારણે પાણીની આવક થવાથી હાલ સરદાર સરોવર નર્મદા ડેમની સપાટી ૧૩૧.૦૪ મીટર પર પહોંચી છે. ઉપરવાસમાંથી ૧૦ લાખ ૧૫ હજાર ક્યુસેક પાણીની આવક થતા ડેમની જળ સપાટીમાં ૭૫ સેન્ટિમીટરનો વધારો નોંધાયો છે. ડેમના ૨૩ દરવાજામાંથી ૮,૧૪,૫૯૯ હજાર ક્યુસેક છોડવામાં આવી રહ્યું છે. નર્મદા ડેમના ૨૩ દરવાજા ખોલતાં નર્મદા નદી કાંઠા વિસ્તારના ભરૂચ,નર્મદા,વડોદરા ના ૫૨ ગામોને એલર્ટ પર રાખવામાં આવ્યા છે. ભરૂચમાં એક અને વડોદરામાં એક એનડીઆરએફની ટિમ તૈનાત કરવામાં આવી છે. ભરૂચના ગોલ્ડન બ્રિજની સપાટી વધીને ૨૨.૦૬ ફૂટ પર પહોંચી છે. જેના કારણે, ગોલ્ડન બ્રિઝની આજુબાજુના ઝૂંપડપતિ વિસ્તારોને ખાલી કારાયા છે. ૫૨ ગામોના લોકોને નદી કિનારે ન જવા માટે સૂચના આપી દેવામાં આવી છે.

જેમાં એક ટર્બાઇનમાં ૨૦૦ મેગા વોટ મુજબ ૧૨૦૦ અને કેનાલ હેડ પાવરના કુલ પાંચ ટર્બાઇનની ૫૦ મેગા વોટ વીજ ઉત્પાદન મુબજ ૨૫૦ મેગા વોટ મળીને કુલ ૧૪૫૦ મેગા વોટ વીજળીનું ઉત્પાદન થઇ રહ્યું છે.મધ્યપ્રદેશમાં ભારે વરસાદ બાદ નર્મદા નદી પરના તમામ મોટા ડેમ ભરાતા છોડાતા પાણીથી સરદાર સરોવરની સપાટી વધી છે. ઉપરવાસમાં આવેલા ઇન્દિરા સાગર ડેમ અને ઓમકારેશ્વર ડેમમાંથી આશરે ૮.૧૪ લાખ ક્યુસેક જેટલું પાણી છોડાઈ રહ્યું છે. નર્મદા ડેમની સપાટી ૧૩૧.૦૪ મીટર થઈ છે.

સરદાર સરોવર નર્મદા બંધમાંથી નદીમાં પાણી છોડાતા વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના ૬, શિનોર તાલુકાના ૪ અને ડભોઇ તાલુકાના ૩ એમ કુલ ૧૩ ગામોને સાવચેતી રાખવા અને નદી કિનારે ન જવા સૂચના આપવામાં આવી છે. નર્મદામાં છોડવામાં આવી રહેલા પાણીથી કરજણ તાલુકાના પુરા, આલમપુરા, લીલાઇપુરા, નાની અને મોટી કોરલ તથા જુના સાયર, શિનોર તાલુકાના મઢી દેવસ્થાન, અનસુયા મંદિર, માલસર અને બરકાલ તેમજ ડભોઇ તાલુકાના ચાંણોદ, કરનાળી અને નંદેરીયા ગામોને અસર થવાની સંભાવના છે તેના અનુસંધાને સંબંધિત તાલુકા મામલતદાર તેમજ તાલુકા વિકાસ અધિકારીઓ દ્વારા ગામોને સાવધ કરવામાં આવ્યા છે.

## રાજ્યમાં બે દિવસ ભારે વરસાદની આગાહી, એનડીઆરએફની ૧૩ ટીમ તૈનાત

અમદાવાદ,તા.૩૦

રાજ્યમાં ભારે વરસાદી માહોલ જામ્યો છે. તો હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૧૭ તાલુકામાં વરસાદ પડ્યો છે. તો આજે સવારે ૬ કલાકથી ૧૦ કલાક સુધીમાં ૧૮૫ તાલુકામાં મેઘરાજાની પધરામણી થઈ છે. ભારે વરસાદને કારણે વહીવટી તંત્ર પણ એલર્ટ પર છે. ગુજરાતમાં જુદી-જુદી ૧૩ જગ્યાએ એનડીઆરએફની ટીમ તૈનાત કરવામાં આવી છે. ગુજરાતમાં હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તો છેલ્લા ઘણા સમયથી રાજ્યમાં સતત વરસાદી માહોલ છવાયેલો છે.

ભારે વરસાદને કારણે કોઈ મુશ્કેલી ન પડે તે માટે એનડીઆરએફની ૧૩ ટીમ તૈનાત કરવામાં આવી છે. વડોદરાના જરોદ સ્થિત આવેલા એનડીઆરએફ હેડ ક્વાર્ટરથી રાજ્યના અલગ-અલગ વિસ્તારમાં ટીમ મોકલવામાં આવી છે. જેમાં ભરૂચ, સુરત, દેવભૂમિ દ્વારકા, ભુજ, નવસારી, ગીર સોમનાથ, મોરબી, દાહોદ અને ગાંધીનગરમાં એનડીઆરએફની ટીમ તૈનાત કરવામાં આવી છે. રાજ્યમાં વરસાદને પગલે અનેક રસ્તાઓ બંધ થયા છે.

સરકારની માહિતી પ્રમાણે રાજ્યમાં કુલ ૧૪૯ રસ્તાઓ બંધ કરવામાં આવી છે. કચ્છમાં એક નેશનલ હાઈવે પણ બંધ કરવામાં આવ્યો છે. તો રાજ્યના ૨૧ હાઈવે પણ બંધ છે. કચ્છમાં આ વર્ષે સીઝનનો ૨૩૮ ટકા વરસાદ થયો છે. તો અનેક વિસ્તારોમાં પાણી પણ ભરાયા છે. ગુજરાતમાં આજે રવિવાર અને સોમવારે મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગ દ્વારા બે દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ભારે વરસાદના પગલે રાજ્યમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તો છેલ્લા ઘણા દિવસથી સતત થઈ રહેલા વરસાદને પગલે રાજ્યમાં અનેક નદી, તળાવો અને ડેમો છલી ગયા છે.

## ગાંધીનગર ગિફ્ટ સીટી પાસે બનશે દેશ-દુનિયાનું સૌથી મોટું ટોય મ્યુઝિયમ

ગાંધીનગર,તા.૩૦

આજે વડાપ્રધાને ૬૮મી મન કી બાતમાં કરી તેમાં સૌથી મહત્વનો મુદ્દો દેશના બાળકો માટે સ્વદેશી રમકડાં બનાવવાનો અને વૈશ્વિક રમકડાં બજારમાં ભાગીદારી વધારવાનો હતો. તાજેતરમાં જ કેન્દ્ર સરકારે એક નિર્ણય લઈને સ્વદેશી રમકડાં માટે ઘણા નિર્ણયો લીધા છે. જેમાં સ્વદેશી રમકડાં બાજરને પ્રોત્સાહન આપવામાં આવશે. ત્યારે, ગુજરાતમાં નિર્માણ થવા જઈ રહ્યું છે વિશ્વનું સૌથી મોટું બાળ ભવન. બાલભવન પ્રોજેક્ટ માટે ગુજરાત સરકારે ગાંધીનગર ગિફ્ટ સિટી પાસે જમીન સંપાદનની કામગીરી પૂર્ણ કરી દીધી છે.

બાલભવન માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીને જમીન આપવામાં આવી છે. ગિફ્ટ સીટી પાસે શાહપુર ગામ અને રતનપુર ગામ વચ્ચે ૩૦ એકર જમીન ફાળવવામાં આવી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે આ પ્રોજેક્ટ પાછળ અંદાજે ૧૫૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે અને ૫ વર્ષના ટૂંકા ગાળામાં આ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવશે. આ બાળભવનનું મુખ્ય આકર્ષણ બનશે અહીં નિર્માણ પામનાર ટોયઝ મ્યુઝિયમ.

આ મ્યુઝિયમમાં દેશના ખૂણે ખૂણેથી લવાયેલા પ્રાચીન અને આધુનિક ૧૧ લાખથી પણ વધારે રમકડાં પ્રદર્શનમાં મુકાશે. ભારતમાં થયેલા વૈજ્ઞાનિકો, કલાકારો, શહીદો, મહાપુરુષો, ગગનયાન, વિવિધ મિસાઈલ્સ, ઈવીએમ મશીન, ૧૮૫૭નો સ્વતંત્રતા સંગ્રામ, અંગ્રેજો સામેની લડાઈની ઝાંખી દર્શાવતા રમકડાંઓના માધ્યમથી બાળકોને રમત-ગમતની સાથે સંસ્કાર આપવાનું કામ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી કરશે.

## રણોત્સવનું બુકીંગ શરૂ, ટૂર પેકેજમાં ભારે ડિસ્કાઉન્ટ ઓફર

અમદાવાદ,તા.૩૦

કોરોનાં કહેરના કારણે ટુરિઝમ સેક્ટરને મોટું નુકસાન થયું છે. પરંતુ હવે ઓનલોકમાં ધીમે ધીમે છૂટછાટ મળી રહી છે.જેના કારણે રણોત્સવ નું બુકીંગ શરૂ થયું છે. ટ્રાવેલ એજન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા સેક્રેટરી મનીષભાઈ શર્માએ જણાવ્યું છે કે, ૨૪ કલાકમાં ૭૦૦ લોકોએ ટૂર પેકેજ બુકીંગ કરાવ્યા છે. પેકેજમાં ૩૦ ટકા ડિસ્કાઉન્ટ આપી રહ્યા છે. રણોત્સવના કારણે ૧ લાખ લોકોને રોજગારી મળે છે. ત્યારે આશા છે કે, રણોત્સવ શરૂ થતાં ફરી પ્રવાસન ગતિ મળશે. રાજ્યમાંથી લોકો રણોત્સવના પેકેજ બુકીંગ કરવી રહ્યા છે. પરંતુ અન્ય રાજ્યના લોકો પણ રણોત્સવ માટે ઈક્વારી કરી રહ્યા છે. સાથે સાથે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, દિલ્હી અન્ય રાજ્યના લોકો પણ રણોત્સવ માટે બુકીંગ કરવી રહ્યા છે.

# કોરોના ને કારણે અંબાજીમાં ભાદરવી મેળો રદ, વેપારીઓની હાલત કફોડી

અંબાજી,તા.૩૦

શક્તિપીઠ અંબાજીમાં દર વર્ષે ભરાતા ૭ દિવસીય ભાદરવી પૂનમના મેળામાં ૨૫થી ૩૦ લાખ શ્રદ્ધાળુઓ આવતા હોય છે, પરંતુ સરકાર દ્વારા કોરોના સંક્રમણને લઈ ચાલુ વર્ષે મેળો રદ્દ કરવામાં આવ્યો છે. જ્યારે દર વર્ષે અંબાજીની બજાર લાલ ધજા પતાકાઓ સાથે ‘બોલમાડી અંબે, જય જય અંબે’ના નાદથી ગુંજી ઉઠતી હતી, પરંતુ કોરોના મહામારીના કારણે અંબાજીની બજારોમાં સન્નાટો છવાયો છે. દર વર્ષે મેળામાં હજારો વેપારીઓ બહારથી વેપાર કરવા આવી કમાણી કરતા હતા, ત્યારે આ વર્ષે એક પણ દુકાન જોવા મળતી નથી.



અંબાજીમાં ૭ દિવસના ભાદરવી પૂનમના મેળામાં વેપારીઓ ૧૨ મહિનાની કમાણી કરી લેતા હોય છે, પણ આ વર્ષે વેપારીઓ જાણે ખાલી હાથ બેઠા છે અને લાખો રૂપિયાનો વેપાર આ વર્ષે નહીં કરી શકે. ભાદરવી પૂનમ બાદ આવતી નવરાત્રિ માટે લોકો ચણીયા ચોળીની ખરીદી આ મેળા દરમિયાન કરી લેતા હોય છે, પણ આ વખતે ચણીયા ચોળીના વેપારીઓ પણ વેપાર કર્યા વગર બેઠા છે. મેળામાં સૌથી વધુ રમકડાઓનો વેપાર થતો હોય છે અને હોલસેલના વેપારીઓ ૬૦થી ૭૦ લાખના રમકડાં વેચી નાખતા હોય છે, પણ મેળો બંધ રહેતા રમકડાંના ગોડાઉન પણ ખાલી પડેલા જોવા મળી રહ્યાં છે.અંબાજીમાં ૬૦થી ૭૦ હોટલ ગેસ્ટહાઉસ સહિત ૨૦૦ ઉપરાંત ધર્મશાળાઓ આવેલી છે. જે મેળા દરમિયાન હાઉસફુલ રહેતી હોય છે, પરંતુ આજે આ તમામ હોટલ અને ગેસ્ટહાઉસ ખાલી પડ્યા છે, ત્યારે સંચાલકો મેળો રદ્દ થતા વિજબીલમાં તેમજ ટેક્સમાં રાહતની માંગ કરી રહ્યાં છે. લોકડાઉન બાદ હવે ભાદરવી મેળો પણ બંધ રહેવાને કારણે અંબાજીના વેપારીઓની કમર ભાગી ગઇ છે. વેપાર ધંધા પર માઠી અસર પરડતા વેપારી વર્ગોની હાલત કફોડી બની છે.

# ઉકાઈ ડેમના છ ગેટ ખોલી ૭૦,૦૦૦ ક્યુસેક પાણી છોડવાનું શરુ, સુરત તંત્ર એલર્ટ

ગાંધીનગર,તા.૩૦

ઉકાઇ ડેમના બ્લાઇન્ડ કેચમેન્ટ બાદ હવે સતાધીશોને હથનુર ડેમના કેચમેન્ટના વરસાદે સાવધાન કરી દીધા છે. ૨૪ કલાકમાં હથનુર ડેમમાં દેમાર વરસાદથી ૨૪ દરવાજા ખોલીને ૧.૬૭ લાખ કયુસેક પાણી છોડવાનું શરૂ કરાતા ગતરોજ સાંજથી ૬ ગેટ પાંચ ફુટ ખોલીને ઉકાઇ ડેમમાંથી ૮૮,૬૩૧ હજાર ક્યુસેક પાણી છોડવાનું શરૂ કરી દેવાયું છે. સુરત વહીવટીતંત્ર પણ એલર્ટ થઇ ગયું છે. ઉકાઇ ડેમની સ્થિતિ માંડ થાળે પડીને હજુ તો બે જ દિવસ થયા છે અને આ વખતે બ્લાઇન્ડ કેચમેન્ટના બદલે ઉપરવાસમાં અને તેમાંય હથનુર ડેમના ઉપરવાસના ટેસ્કામાં ૫ ઇંચ, ચીખલધરામાં ૩ ઇંચ, કરનખેડા, દેડતલાઇમાં ૧ ઇંચ સહિત કેચમેન્ટમાં ૨૪ કલાકમાં સરેરાશ ૧ ઇંચ વરસાદી પાણી પડતા ફરીથી ડેમના દરવાજા ખોલવાનો વારો આવ્યો છે. આ વરસાદના કારણે હથનુર ડેમમાંથી ૧.૬૭ લાખ કયુસેક પાણી છોડવાની શરૂઆત કરી હતી. આ પાણી ઉકાઇ ડેમમાં ૨૪ થી ૩૬ કલાકની વચ્ચે આવનાર હોવાથી ઉકાઇ ડેમના સતાધીશોએ ડેમના દરવાજા બીજી વાર ખોલવાનો નિર્ણય લીધો હતો. છેલ્લા બે દિવસથી દરવાજા બંધ કરીને સપાટી ઉપર લેતા આજે ડેમના રૂલ લેવલ ૩૩૫ ફૂટને પાર કરીને સપાટી ૩૩૫.૬૪ ફૂટે પહોંચી હતી. આમ રૂલ લેવલને સપાટી પાર કરી ગઇ હોવાથી હથનુર ડેમમાંથી છોડાયેલુ પાણી આવે તે પહેલા જ ડેમ ખાલી કરવાની શરૂઆત કરી હતી. ગતરોજથી ફરી ઉકાઇ ડેમના દરવાજા ખોલીને ૮૮,૬૩૧ કયુસેક પાણી છોડવાનું આરંભ્યુ હતુ. સંભવત મોડી રાત્રે ૧૨ વાગ્યે આ પાણી છોડવાનુ વધારીને ૯૦,૦૦૦ કયુસેક કરી દેવાઇ તેવી શક્યતા પણ હતી મોડી સાંજે સાત વાગ્યે ઉકાઇ ડેમની સપાટી ઘટીને ૩૩૫.૧૯ ફૂટ, ઇનફલો ૫૪,૦૦૦ અને આઉટફલો ૭૦,૦૦૦ કયુસેક નોંધાયો હતો.

## દાંતામાં ૪.૨ અને જૂનાગઠનાં મેન્દ્રાણામાં ૨.૨૪ ઈંચ વરસાદ ખાબક્યો

ગાંધીનગર,તા.૩૦

હવામાન વિભાગની આગાહી પ્રમાણે શનિવારે રાજ્યના ૨૧૬ તાલુકામાં વરસાદ વરસ્યો હતો અને આજે અનેક વિસ્તારોમાં વરસાદી વાતાવરણ છવાયુ છે. આજે સવારે ૬થી ૮ કલાકમાં એટલે બે કલાકમાં બનાસકાંઠાનાં દાંતામાં ૪.૨ ઇંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે જૂનાગઠનાં મેન્દ્રાણામાં ૨.૨૪ ઇંચ, વંથલીમાં ૧.૭૬ ઇંચ, વિસાવદરમાં ૧.૭૨ ઇંચ, બોટાદમાં અને મહેસાણાના સલતાણામાં ૧.૬૪ ઇંચ વરસાદ નોંધાયો છે. સવારે બે કલાકમાં રાજ્યનાં ૧૪૩ તાલુકામાં વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત પંચમહાલનાં કાલોલ, હાલોલ, અમરેલીના બાબરા, બનાસકાંઠાના અમીરગઠ, જૂનાગઢનાં માલિયા, સાબરકાંઠાના પોસીના અને નર્મદાના સાગબારામાં એક ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨૧૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વરસાદ કચ્છનાં અબડાસામાં ૮.૩૨ ઇંચ વરસ્યો છે. જે બાદ કચ્છનાં મુંદ્રામાં ૭.૪ ઇંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત સુરતનાં કામરેજ, પલસાણા,નવસારીનાં ગણદેવી, નવસારીમાં ૪.૮ ઇંચથી વધારે વરસાદ નોંધાયો છે. જ્યારે સુરતનાં મહુવા, બારડોલી, વિસાવદર, ચિખલી, ગીર સોમનાથના સુત્રાપાડા, દેવભૂમિ દ્વારકાના દ્વારકા, તાપીના ડોલવણ, વલોદ, જૂનાગઢના કેશોદ, વંથલી અને નવસારીનાં જલાલપોરમાં ૪ ઇંચથી વધારે વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે રાજ્યમાં ૨૯ અને ૩૦ ઓગસ્ટના રોજ ભારેથી અતિભારે વરસાદ પડે તેવી સંભાવના હતી.

## અશ્વારોહણની તાલીમ માટે રાજ્યમાં ૧૦ હોર્સ રાઈડીંગ સ્કૂલ શરૂ કરવા નિર્ણય

ગાંધીનગર,તા.૩૦

ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યુ છે કે, રાજયના સાહસિક યુવાનોને અશ્વારોહણની તાલીમ મળે તે માટે રાજ્યના વિવિધ જિલ્લા અને શહેરોના પોલીસ હેડક્વાર્ટરમાં પોલીસ વિભાગ હસ્તકના માઉન્ટેડ યુનિટ ખાતે અગાઉ અશ્વારોહણની તાલીમ આપવા માટેની હોર્સ રાઇડીંગ સ્કૂલ ચલાવવામાં આવતી હતી. છેલ્લા ઘણા સમયથી આ રાઇડીંગ સ્કૂલ બંધ હતી. જેથી અશ્વ પ્રેમી સહિતના અન્ય નાગરિકોની આવી અશ્વારોહણ તાલીમ શાળા ફરી શરૂ થાય તેવી લાગણી હતી. જેને ધ્યાનમાં લઇને રાજય સરકારે રાજ્યના દસ જેટલા સ્થળે આવી હોર્સ રાઇડીંગ સ્કૂલ શરૂ કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. આ દશ શાળાઓમાં ૩ મહિનાના બેઝિક કોર્સનું આયોજન કરાશે. રસ ધરાવતા યુવાનો-નાગરિકોએ નજીકની પોલીસ રાઇડીંગી સંસ્થાનો સંપર્ક કરવાનો રહેશે. પ્રદીપસિંહ જાડેજાએ ઉમેર્યુ કે, રાજ્ય સરકારના ગૃહ વિભાગના તા.૧૦/૦૫/૧૯૮૫ ના ઠરાવ અન્વયે રાજ્યના તમામ શહેર/જિલ્લા માઉન્ટેડ યુનિટમાં શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અને તમામ નાગરિકોને ઘોડેસવારીની તાલીમ આપવા અંગે સ્થાનિક અનુકુળતાને ધ્યાનમાં લઈને કાયમી ધોરણે તાલીમ વર્ગો ચલાવવા માટે માઉન્ટેડ યુનિટ ખાતે રાઈડીંગ સ્કુલને મંજુરી આપવા માટે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીને સત્તા સોંપવામાં આવી હતી. જે સંદર્ભે અમદાવાદ, વડોદરા, રાજકોટ, જૂનાગઢ, હિંમતનગર, ભુજ, ભાવનગર, મહેસાણા, દાહોદ અને ગાંધીનગર ખાતે અગાઉ પોલીસ હેડ ક્વાર્ટરમાં નાગરિકોને અશ્વારોહણ કરવા માટેની વિધિવત તાલીમ આપવામાં આવતી હતી. પરંતુ છેલ્લા એક વર્ષથી પણ વધુ સમયથી આ અશ્વરાઇડીંગ શાળાઓ બંધ હતી. જેથી અશ્વપ્રેમીઓ અને અશ્વારોહણ જેવા સાહસિક ખેલમાં રૂચિ ધરાવતાં યુવાનો દ્વારા આવી અશ્વ રાઇડીંગ શાળાઓ ફરી શરૂ કરવા માટેની રજૂઆત મળી હતી. જેને ધ્યાને લઇને રાજયના ગૃહ વિભાગ દ્વારા આવી રાઇડીંગ સ્કૂલ ફરી શરૂ કરવા મંજૂરી આપવામાં આવી છે. આ માટે રાજયના ડી.જી.પી. દ્વારા સંબંધીત તમામ એકમોને રાઈડીંગ સ્કૂલ ફરી શરૂ કરવા આદેશ કરી દેવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યુ કે, રાજ્યની આ અશ્વ રાઇડીંગ સ્કુલો ખાતે હવે ઘોડેસવારની તાલીમ આપવા તાલીમાર્થીઓ માટે ૩ માસનો બેઝિક તાલીમ કોર્ષ અને ૩ માસનો એડવાન્સ તાલીમ કોર્ષનું આયોજન કરવામાં આવશે. આવી તાલીમ માટે આવતા તાલીમાર્થીઓને નક્કી કર્યા મુજબ ઘોડેસવારીની પરીક્ષા લઇને ઓછામાં ઓછા ૫૦% ગુણ પ્રાપ્ત કરે તો ઘોડેસવારીના પ્રમાણપત્ર પણ આપવામાં આવશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.